**મહે.પલસાણાના એડી.સિવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.,સાહેબની કોર્ટમા,મુ.પલસાણા,જી.સુરત**

ક્રિમીનલ કેસ નં.૧૮૮૨/૨૦૨૪

ફરીયાદી : બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાડન્ર્ડ

વિરુઘ્ઘ

આરોપી : (૧) મે.સુચી ઈન્ડ.લીમી.
(૨) શ્રી અશોકકુમાર મહેતા
(૩) મંજુ અશોકકુમાર મહેતા
(૪) શેતલ મહેતા

**ગુન્હો: બી.આઈ.એકટ ની કલમ-૧૭(૧),૧૭(૨),૧૭(૩) મુજબ**

ફરીયાદ પક્ષના કેસની વિગત ટુંકમાં એવી છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદમાં જણાવેલ ગુન્હો કરેલ છે.

આરોપીઓએ આજ રોજ ઉપસ્થિત થઈ ગુન્હો કબુલાત પુરસીસ રજુ કરેલ છે.જેથી આરોપીઓને સજા અંગે માહીતગાર કરેલા છે.ત્યારબાદ આરોપીઓનું નિવેદન લેતા આરોપીઓએ ગુન્હો કબુલ કરવાનુ જણાવી,પોતાના ગુન્હા કબુલાત પુરસીસમાં જણાવેલ છે કે, આ તેઓનો પ્રથમવારનો ગુન્હો છે જે તેઓ કબુલ રાખે છે.પરંતુ તેઓએ અગાઉ બીઆઈએસ નું લાયસન્સ મેળવેલ હતુ, પંરતુ ઘંઘો બંઘ કરતા તથા ઘંઘાનું ઉત્પાદન બંઘ કરતા બીઆઈએસ નું લાયસન્સ રીન્યુ કરાવેલ નહી તેમ અજાણતામાં સદર ગુન્હો થઈ ગયેલ છે અને ફરીથી આવો ગુન્હો નહીં બને તેવી ખાતરી આપી નામ.કોર્ટ પાસે રહેમ અને દયાની અરજ કરેલ છે.આરોપીઓની સ્વૈચ્છીક ગુના કબુલાત તથા ગુનાની ગંભીરતા ઘ્યાનમાં લઈ આરોપીઓએ હળવી સજા કરવામાં આવે તો તે ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેમ હું માનું છું તેથી નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

**//હુકમ//**

દરેક આરોપીને બી.એન.એસ.એસ ની કલમ- ૨૭૫ અને બી.આઈ.એસ. એકટ-૨૦૧૬ ની કલમ-૧૭(૧),૧૭(૨),૧૭(૩) મુજબના કામે તકસીરવાન ઠરાવી દરેક આરોપીને રૂ.૧૫,૦૦૦ (અંકે રૂપીયા પંદર હજાર પુરાનો) એમ કુલ્લે રૂ.૬૦,૦૦૦(અંકે રૂપીયા સાઈઠ હજાર પુરાનો )દંડ અને દંડ ન ભરે તો દિન-૧૦ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ ૧૪મી, માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી હુકમ જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬
સ્થળ:પલસાણા

(વી.પી.આચાર્ય)
એડી.સિવીલ જજ અન જયુડી.મેજી.
પલસાણા